વિ. સં. ૨૦૪૪ના રાજનગર
શ્રી જૈન શ્વે.મૂ.તપાગચ્છીય શ્રમણસમ્મેલનના

# નિર્ણયો

**પ્રકાશકો :**

શ્રી ચારૂચંદ્ર ભોગીલાલ
શ્રી બિપિનભાઈ શાંતિલાલ
શ્રી ગૌતમભાઈ શકરચંદ
શ્રી ભરતભાઈ દલસુખભાઈ
પં. શ્રી મફતલાલ ઝવેચંદ ગાંધી
ઠે. પં. શ્રી રૂપવિજયજી મ. નો ડહેલાનો ઉપાશ્રય
દોશીવાડાની પોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

વિ. સં. ૨૦૪૪ ઇ. સ. ૧૯૮૮


પ્રથમ આવૃત્તિ : ૧૦,૦૦૦

ડિઝાઈન : આર્ટ પ્રોસેસ સ્ટુડિયો
પ્રોસેસીંગ : ૩૦૨, બીઝનેશ સેન્ટર, પત્થરકુવા,
રીલીફ રોડ, અમદાવાદ.

મુદ્રક : જૈન એડવોકેટ પ્રિં. પ્રેસ,
જેશીંગભાઈની વાડી, ઘી કાંટા,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

# નિવેદન

શ્રીરાજનગર-અમદાવાદમાં સં. ૨૦૪૪માં ચૈત્ર માસમાં તપાગચ્છીય શ્રમણ સંમેલન મળ્યું, તેમાં પૂજ્ય શ્રમણ ભગવંતોએ સર્વસંમતિથી શ્રીસંઘને માર્ગદર્શન આપનારા જે નિર્ણયો કર્યા, તે, શ્રમણ સમ્મેલનના આદેશ અનુસાર, શ્રીજૈન સંઘની જાણ માટે પ્રકાશિત કરીએ છીએ.

આ ઠરાવોથી પૂ. આ. વિજય રામસૂરિ મ. ડહેલાવાળાના આદેશ તથા સંઘની વિનંતિથી પૂ. આ.મ. હિમાંશુ સૂરિને પોતાની આરંભેલ તપશ્ચર્યાના પરિણામથી સંતોષ થતાં વૈ.સુ.૩ના પારણાની જાહેરાત થતાં સંઘમાં ખૂબ હર્ષોલ્લાસ ફેલાયો હતો.

લી.

શ્રી ચારૂચંદ્ર ભોગીલાલ
શ્રી બિપિનભાઇ શાંતિલાલ શાહ
શ્રી ગૌતમભાઇ શકરચંદ
શ્રી ભરતભાઇ દલસુખભાઇ માણસાવાલા
પં. શ્રી મફતલાલ ઝવેરચંદ ગાંધી

તા. ક.

શ્રમણ સમ્મેલનના નિર્ણયો માટે ભ્રમણાઓ ફેલાવનારી અફવાઓ તથા પત્ર-પત્રિકાઓથી ન ભરમાવા વિનંતિ.

# ॥ जयउ सव्वण्णुसासणं ॥

## રાજનગર—અમદાવાદમાં મળેલ સં. ૨૦૪૪નું શ્રમણ સંમેલન તથા તેમાં લેવાયેલા નિર્ણયોની ભૂમિકા

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રીસંઘને સ્પર્શતી અનેક બાબતો પરત્વે, આપણે ત્યાં જુદા જુદા અભિપ્રાયો પ્રવર્તે છે. આવી બાબતોમાં વિસંવાદ મટે અને એકવાકયતા સધાય તો શ્રી સંઘને એકસરખું માર્ગદર્શન મળી રહે એવા શુભ આશયથી પ્રેરાઇને આચાર્ય મહારાજ શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજના હૃદયમાં શ્રમણ ભગવંતોનું મિલન થાય એવી ભાવના જાગી.

તેઓશ્રીની આ નાની પણ ભાવનાને તપાગચ્છના અઢાર સમુદાયોના આશરે એંશી આચાર્ય મહારાજોની સંમતિ મળતાં સંમેલનમાં ફેરવાઇ ગઇ, અને ચૈત્ર સુદી ૧૦ના દિવસે સવારે ૮-૩૦ કલાકે રાજનગરના શ્રીસંઘે પૂજ્ય ગુરૂભગવંતોનું ભવ્ય સામૈયું કર્યું. સામૈયું પંકજ સોસાયટીમાં બંધાયેલા વિશાળ

મંડપમાં પહોચ્યું. ત્યાં ચતુર્વિધ શ્રીસંઘની વિશાળ હાજરીમાં પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજય રામસૂરીશ્વરજી મહારાજના મંગલાચરણથી સંમેલનનો પ્રારંભ થયો. દરેક સમુદાયના પૂજ્ય ગુરુભગવંતે આ પ્રસંગને હૃદયના ઉમળકાથી વધાવ્યો અને સંમેલન સફળ બને તેવી શુભકામના વ્યકત કરી. શ્રાવક સંઘવતી શેઠ શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇએ પણ આ પ્રસંગે અપાર હર્ષ વ્યકત કરીને પૂજ્ય ગુરુભગવંતો શ્રી સંઘને યોગ્ય માર્ગદર્શન આપે તેવી પ્રાર્થના કરી.

ત્યારબાદ પંકજ સોસાયટીમાં સંમેલનની મંગલ ભૂમિકા રચાઈ, અને તેમાં સંમેલનમાં ચર્ચવા યોગ્ય વિષયો વિચારવા માટે કેટલાક મુનિરાજોની, એક વિષય વિચારિણી સમિતિ નિયુકત કરવામાં આવી; તેમ જ જુદાં જુદાં સ્થળોએ પૂજ્ય ગુરુભગવંતોની નિશ્રામાં શાશ્વતી ઓળીની આરાધના ચાલુ હોવાથી સંમેલનની નિયમિત કાર્યવાહી માટે ચૈત્રવદિ બીજનો દિવસ નિશ્ચિત કરવામાં આવ્યો.

ચૈત્ર વદી બીજ સોમવાર તા. ૪-૪-૮૮ના દિવસે સવારે ૯-૦૦ કલાકે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત પૂજ્ય શ્રમણ ભગવંતોના સંમેલનની કાર્યવાહી શરૂ થઈ. દરરોજ સવારે ૯ થી ૧૧ તથા બપોરે ૩ થી ૫ એમ બે બેઠકો મળવાનું નિયત થયું. સંમેલનની આ બેઠકોમાં વિષય વિચારિણી સમિતિના મુનિરાજોએ નોંધેલા વિષયો તથા વડીલ પૂજ્ય આચાર્ય ભગવંતોએ નક્કી કરેલા વિષયો પરત્વે વિચારણા કરવાનું શરૂ થયું. ચૈત્ર વદિ બીજથી ચૈત્ર વદિ અમાસ સુધી ચાલેલા આ સંમેલનમાં,

૧. સામુદાયિક વાચના.
૨. મુનિજીવનનો પ્રારંભિક પાઠયક્રમ.
૩. મુમુક્ષુ ભાઇ-બહેનો માટે વિદ્યાપીઠોની યોજના.
૪. પાઠશાળાના સર્વાંગીણ વિકાસની વિચારણા.

૫. સ્થંડિલ-માત્રું પરઠવવા અંગે વ્યવસ્થા.
૬. વૃધ્ધ અને ગ્લાન સાધુ-સાધ્વીજીના સ્થિરવાસની વ્યવસ્થા.
૭. વિહાર ક્ષેત્રોમાં વૈયાવચ્ચની વ્યવસ્થા.
૮. સાધ્વીવૃંદમાં જ્ઞાનાદિકની પુષ્ટિ
૯. શ્રાવકોની મધ્યસ્થ સમિતિ.
૧૦. આચાર્ય ભગવંતોની પ્રવર સમિતિ.
૧૧. રાજકારણમાં જૈનોનો પ્રવેશ.
૧૨. જીર્ણ મંદિરોના જીર્ણોધ્ધારની પ્રેરણા.
૧૩. દેવદ્રવ્ય વ્યવસ્થા
૧૪. ગુરુ દ્રવ્ય વ્યવસ્થા.
૧૫. જ્ઞાનદ્રવ્યના સદ્‌વ્યય માટે માર્ગદર્શન.
૧૬. સાધારણ દ્રવ્યની વૃધ્ધિ માટે માર્ગદર્શન.
૧૭. જિનપૂજા અંગે માર્ગદર્શન.
૧૮. સાધુ-સાધ્વીજીના અંતિમ સંસ્કાર નિમિત્તની ઉપજની વ્યવસ્થા.
૧૯. પ્રાચીન જિનબિંબો પૂજાય ત્યાં આપવાની પ્રેરણા.
૨૦. સાધુ-સાધ્વીજીઓની વિશ્રામણાની વ્યવસ્થા.
૨૧. જિનભકિત પ્રધાન પૂજનો માટે આદેશ.

આટલા વિષયો પરત્વે વિસ્તારપૂર્વક વિચારણા તથા ચર્ચા થઈ હતી અને છેવટે તેના નિચોડરૂપે દ્રવ્ય–ક્ષેત્ર-કાળ-ભાવને લક્ષ્યમાં લઈને, શાસ્ત્રસાપેક્ષ ભાવે, સર્વસંમતિથી, માર્ગદર્શનાત્મક નિર્ણયો કરવામાં આવ્યા છે.

ઉપરોકત તમામ નિર્ણયો લેતાં પહેલાં તે દરેક વિષયની ખૂબ વિસ્તારથી અને મુકત રીતે સંમેલનમાં ચર્ચા કરવામાં આવી હતી. નાનામાં નાના મુનિરાજનાં મંતવ્યો પણ સંતોષજનક રીતે ધ્યાન પર લેવામાં આવ્યાં હતાં. તેમજ પ્રસંગે પ્રસંગે અનેક અનેક શાસ્ત્રપાઠોના આધાર પણ લેવામાં આવ્યા હતા. છેવટે શાસ્ત્રીય મર્યાદામાં રહીને નિર્ણયો લેવામાં આવ્યા હતા.

## લેવાયેલા નિર્ણયોની ઉપયોગિતા

આપણા સંઘમાં જ્ઞાનાભ્યાસ માટેની તત્પરતા વધે તે આશયથી અને વધેલી જ્ઞાનપિપાસાને તદનુરૂપ વાતાવરણ આદિ મળી રહે તે હેતુથી પહેલા ચાર નિર્ણયો થયા છે. તેમજ તે નિર્ણયોની સાર્થકતા તથા દ્રઢ અમલીકરણ માટે સં. ૨૦૪૪ના ચાર્તુમાસ દરમિયાન સમૂહ વાચનાનો શુભ પ્રારંભ પ.પૂ. આચાર્ય શ્રી વિજયરામસૂરીશ્વરજી મ.ની શુભનિશ્રામાં ભાદરવા સુદી-૧૧ના શુભ દિને કરવાનું નિશ્ચિત થયું અને ત્રીજા નિર્ણયના સંદર્ભમાં પૂજ્ય આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજે, ભાઈઓ માટે તથા બહેનો માટે વિદ્યાપીઠો સ્થાપવાની ભાવના દર્શાવી છે.

નિર્ણય ૪ અંગે, પોતાના ગુર્વાદિકની સંમતિપૂર્વક વિવેકપૂર્વક આ નિર્ણયનો અમલ કરવાનો છે.

છઠ્ઠો નિર્ણય થયો ત્યારે, વૃધ્દ્ધ અને ગ્લાન સાધુ-સાધ્વીજીઓના સ્થિરવાસ અંગે કાંઈક કરવાની ભાવના, પૂજ્ય આચાર્ય શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે તેમજ પૂજ્ય આચાર્ય શ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય મુનિરાજ શ્રી યશોવિજયજી ગણિવરે દર્શાવી છે.

જો કે આ નિર્ણયના સંદર્ભમાં એટલું સૂચવવું જોઈએ કે જ્યાં શ્રાવકવર્ગની વસ્તી સારા પ્રમાણમાં હોય ત્યાં, તે ક્ષેત્રના શ્રાવકસંઘે, યથાશકય સંખ્યામાં વૃધ્દ્ધ સાધુ-સાધ્વી મહારાજને રાખી, ભકિત વૈયાવચ્ચનું વિશિષ્ટ પુણ્ય પ્રાપ્ત કરવું એ ઉત્તમ આરાધના છે. વૃધ્દ્ધ સાધુ સાધ્વીજી મહારાજને સંયમમાં સ્થિરતા વધે તેવી વૈયાવચ્ચ કરવી તે ચતુર્વિધ શ્રી સંઘનું કર્તવ્ય છે, તે આશય આ નિર્ણય પાછળ રહેલો છે.

સાધ્વીજીઓના સમુદાયમાં જ્ઞાનાદિકની વૃદ્ધિ માટે આઠમો નિર્ણય થયો. નવમો નિર્ણય શ્રાવકસંઘની ક્ષમતાને વધુ વિકસાવનારો બની રહે તેવો છે. નવમા નિર્ણયના અનુસંધાનમાં શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈના પ્રમુખપદે સમિતિ નીમવાનું નક્કી થયું છે.

દશમો, આચાર્ય ભગવંતોની પ્રવર સમિતિ અંગેનો નિર્ણય થવાથી, શાસનને સ્પર્શતી કોઈપણ સમસ્યા અંગે માર્ગદર્શન મેળવવા માટે, એક મધ્યસ્થ અને અધિકૃત વ્યવસ્થા રચી શકાઈ, જે સંઘ માટે ખૂબ પ્રોત્સાહક બની રહેશે. આ ઠરાવના અન્વયે સંમેલનમાં

૧. પૂ. આ. શ્રી વિજયરામસૂરીશ્વરજી મ. (ડેલાવાળા)
૨. પૂ. આ. શ્રી વિજય ૐકારસૂરીશ્વરજી મ.
૩. પૂ. આ. શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ.
(પૂ. બાપજી મ.ના સમુદાયના)
૪. પૂ. આ. શ્રી વિજયં પ્રેમસૂરીશ્વરજી મ.
૫. પૂ. આ. શ્રી વિજય મેરૂપ્રભ સૂરીશ્વરજી મ.
૬. પૂ. આ. શ્રી વિજય નવીનસૂરીશ્વરજી મ.
૭. પૂ. આ. શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ.
૮. પૂ. આ. શ્રી વિજય ઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.
૯. પૂ. આ. શ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મ.
૧૦. પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.
૧૧. પૂ. આ. શ્રી વિજય ભુવનશેખરસૂરીશ્વરજી મ.
૧૨. પૂ. આ. શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.
૧૩. પૂ. આ. શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ.
૧૪. પૂ. આ. શ્રી ચિદાનંદ સાગરસૂરીશ્વરજી મ.
૧૫. પૂ. આ. શ્રી વિજય અરિહંત સિદ્ધસૂરીશ્વરજી મ.
૧૬. પૂ. આ. શ્રી વિજય યશોદેવ સૂરીશ્વરજી મ.
૧૭. પૂ. આ. શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મ.
૧૮. પૂ. આ. શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ.

આટલા આચાર્ય મહારાજોનો તપાગચ્છ આચાર્ય સંઘ નીમવામાં આવ્યો છે. તેમાંથી સંમેલનમાં ઉપસ્થિત રહેલા

૧. પૂ. આ. શ્રી વિજય રામસૂરીશ્વરજી મ. (ડેલાવાળા)
૨. પૂ. આ. શ્રી વિજય ૐકારસૂરીશ્વરજી મ.
૩. પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.
૪. પૂ. આ. શ્રી વિજય ચંદ્રોદય સૂરીશ્વરજી મ.
૫. પૂ. આ. શ્રી નરેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.

આ પાંચ આચાર્ય ભગવંતોને તપાગચ્છ આચાર્ય સંઘ વતી કાર્યવાહી સોંપવામાં આવી છે. આ પાંચ આચાર્ય ભગવંતોની સમિતિ આચાર્યપ્રવર સમિતિ તરીકે ઓળખાશે.

સામાન્ય રીતે અનેક સ્થળો અને ગામડાંઓનાં જિનમંદિરોમાં પૂજા અને ભકિત વિગેરે માટે તેમજ મંદિરની વ્યવસ્થા માટે ઘણી મુશ્કેલીઓ જોવામાં આવે છે. તેને આશ્રયીને શાસ્ત્રદૃષ્ટિએ વિચાર કરતાં શાસ્ત્રજ્ઞ મહાપુરુષોએ જે વ્યવસ્થા આચરવાનું જણાવ્યું છે તે મુજબ તેરમો ઠરાવ કરવામાં આવ્યો છે અને શ્રી હરિભદ્રસૂરિ મહારાજના દેવદ્રવ્ય સંબંધી નિર્ણયને પૂજ્ય આ. શ્રી સાગરાનંદસૂરિજી મહારાજે પણ સૂરત - આગમમંદિરના બંધારણમાં આ જ પ્રમાણે દાખલ કરેલ છે.

આ ઠરાવનું અર્થઘટન કોઈ એવું કરે કે આ સમ્મેલને દેવદ્રવ્યને સાધારણ ખાતે લઈ જવાની છૂટ આપી દીધી છે, તો તે સાચી સમજણ વિનાનું અને અધૂરું અર્થઘટન છે. દેવદ્રવ્યને સાધારણમાં લઈ જવાની કોઈ જ પ્રકારની છૂટ આ ઠરાવથી મળતી નથી. બલ્કે દેવદ્રવ્યનો જે રીતે જિનભકિત આદિ કાર્યોમાં ઉપયોગ કરવાની વ્યવસ્થા શાસ્ત્રકાર મહર્ષિઓએ આપણને કરી આપી છે તે જ વ્યવસ્થાને સ્પષ્ટ સમજાવવા માટે આ ઠરાવ છે. વસ્તુતઃ દેવદ્રવ્યના દુરુપયોગને મળતું પ્રોત્સાહન, આ ઠરાવથી અટકી જાય છે.

એ જ રીતે ગુરુદ્રવ્યના ઉપયોગની બાબતે ભિન્નભિન્ન પ્રથાઓ પ્રવર્તતી હોવાથી તે ભિન્નતા દૂર કરી, શાસ્ત્રીય મર્યાદામાં રહીને એકવાકયતા લાવવાના આશયથી ચૌદમો નિર્ણય લેવામાં આવ્યો છે.

જો કે આ ઠરાવ બાબતે પણ ગેરસમજ ઊભી કરવામાં આવે તે શકય છે. પરંતુ આ બાબતમાં શ્રાદ્ધજીતકલ્પ - વૃત્તિનો શાસ્ત્રપાઠ એટલો બધો સ્પષ્ટ છે કે તે જોયા પછી ઠરાવના વ્યાજબીપણા અંગે કોઈ સંદેહ અને ભ્રામક વાતો ટકે તેમ નથી.

સાધારણ દ્રવ્યની વૃદ્ધિ એ ભારતના લગભગ તમામ સંઘોની રોજિંદી સમસ્યા છે. તેને સમૂહ-શકિતથી હલ કરવાનો એક ઉલ્લાસપ્રેરક સરસ ઉપાય સોળમા નિર્ણય દ્વારા, સમસ્ત સંઘને સૂચવવામાં આવ્યો છે.

પરમાત્માની પૂજા-ભકિત એ શ્રાવકનું કર્તવ્ય છે, છતાં આજે તે નોકરોને સોંપાઇ ગયેલું જોવા મળે છે. જેથી એક તરફ ઘોર આશાતનાઓ વધી ગઈ છે, તો બીજી તરફ કાયદાની દ્રષ્ટિએ તથા યુનિયન આદિની રાજકીય દ્રષ્ટિએ અનેક ભયસ્થાનો ઉદ્‌ભવી રહ્યાં છે. તે આશાતનાઓ તથા ભયસ્થાનોને ટાળવા માટે, શાસ્ત્રીય મર્યાદાને હાનિ ન પહોંચે તે રીતે સત્તરમો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ (સત્તરમા) નિર્ણય માટે એવી વાતો થશે કે, આ ઠરાવ કરીને "પ્રભુપૂજા ન કરો કે ન થાય તો ચાલે" તેવો પરવાનો સમ્મેલને આપી દીધો છે. પરંતુ આ તદ્દન ગેરસમજભરેલી વાતો છે. સમ્મેલને પૂજાનો નિષેધ કર્યો જ નથી. સમ્મેલને તો પ્રભુપૂજાના નામે અને પ્રભુપૂજાના બદલે ઘોર આશાતનાઓ જ થતી હોય, તેને રોકવા માટે, તથા આજના વિષમ સમયનો અને સરકારી કાયદાઓની સ્થિતિનો લાભ લઈને

નોકરોનાં યુનિયનો થવા માંડયાં છે,' અને તે માધ્યમથી નોકરો પૂજા કરશે તો નહિ પણ પૂજા કરતા જૈનોને પણ રોકશે અને તોફાનો કરશે તો ભવિષ્યમાં જિનબિંબોની તથા જિનમંદિરાદિની રક્ષા માટે મોટી વિકટ સમસ્યા ઊભી થવાની પૂરેપૂરી શકયતા છે; આ બધાં ભયોનો દૂરગામી વિચાર કરીને સમ્મેલને નોકરોના ભરોસે પૂજા અને મંદિરો છોડી દેવાની પધ્ધતિ બંધ કરવાનું સૂચન કર્યું છે. ટૂંકમાં, સમ્મેલને પૂજાનો નિષેધ નથી કર્યો, પણ પૂજા અને પ્રભુજી નોકરોને સોંપાઇ ગયા છે તે સ્થિતિમાં પરમાત્માની પૂજા તો શ્રાવકસંઘે જાતે જ કરવી જોઇએ તેવું ભારપૂર્વક પ્રતિપાદન જ કર્યું છે. વિવેકી વ્યકિત આ મર્મ અવશ્ય સમજી શકશે.

પૂજનોના વિષયમાં આજે જે દેવદેવીપ્રધાન પૂજનો તરફ લોકો ઢળી રહ્યા છે, તેની સામે લાલબત્તી ધરી, પરમાત્મભકિતપ્રધાન પૂજનો જ ખાસ ભણાવવાનું સૂચન સંમેલને કરેલ છે.

આ જ રીતે અન્ય નિર્ણયોની પણ ભૂમિકા તથા ઉપયોગિતા સમજી લેવાની છે, અને તે સમજીને આ તમામ નિર્ણયોનું શ્રી સંઘનાં ચારેય અંગોએ પાલન કરવાનું છે.

શાસ્ત્રમાં બતાવેલ વિધિ-નિષેધ કાયમને માટે સ્વીકારી, સંઘમાં વિસંવાદો શમે અને એકવાકયતા થાય તેવા શુભ આશયથી તથા રચનાત્મક અભિગમપૂર્વક આ નિર્ણયો લેવામાં આવ્યા છે.

પંકજ સોસાયટીમાં બાંધેલા મંડપમાં ચૈત્ર શુદિ દશમે પધારેલ ચતુર્વિધ શ્રી સંઘનું એ રોમાંચક અને પાવનકારી દશ્ય અવિસ્મરણીય છે, તો પંકજ સોસાયટીના ઉપાશ્રયના વિશાળ હૉલમાં રોજે રોજ બિરાજતું વિશાળ મુનિમંડળ અને તેની મધ્યમાં બિરાજતા પૂજ્ય આચાર્ય ભગવંતોનું મનભાવન અને

હૃદયંગમ દર્શન સંઘને માટે મહામંગલકારી બની રહ્યું હતું. દર્શન કરનાર સૌ કોઇના હૈયે એક જ ભાવ રમતો કે આવું મનોહર અને પવિત્ર દશ્ય તો કોઈ બડભાગી ધન્ય આત્માને જ મળે !

તા.ક. શ્રમણ સમ્મેલનની સફળ પૂર્ણાહુતિ પછી વૈ.શુ-૧ના દિવસે શ્રી સંઘે કરેલા સામૈયા બાદ ચતુર્વિધ શ્રી સંઘની વિશાળ સભામાં સંમેલનની ફળશ્રુતિ રજૂ કરવામાં આવી. વૈ.શુ. પના દિને આચાર્યદેવ શ્રી વિજય ૐકારસૂરીશ્વરજી મહારાજ કાળધર્મ પામ્યા, જે શ્રમણસંઘ માટે એક આઘાતજનક બનાવ બન્યો.

ત્યાર બાદ વૈ.શુ. ૭ના દિને પ્રવર સમિતિએ ડહેલાના ઉપાશ્રયે મળીને સ્વ. આચાર્યદેવ શ્રી ૐકારસૂરીશ્વરજી મ.ના સ્થાને આચાર્ય મહારાજ શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.ને પ્રવર સમિતિમાં નિયુકત કરેલ છે.

જયઉ સવ્વણ્ણુસાસણં

**શ્રીવીર સંવત ૨૫૧૪, વિ. સં. ૨૦૪૪ના ચૈત્ર શુદિ ૧૦, સોમવાર, તા.૨૭-૩-૧૯૮૮ના દિવસથી આરંભાયેલ શ્રમણ-સમ્મેલનમાં થયેલા સર્વસમ્મત**

## નિર્ણયો

(નિર્ણયો ઉપર સહીઓ થઈ : ચૈત્ર વદિ ૮, રવિવાર, તા.૧૦-૪-૮૮)

## નિર્ણય - ૧

## સામુદાયિક વાચના

દરેક સમુદાયના વડીલોએ, ચાતુર્માસ દરમ્યાન, પોતાના સ્થાનમાં, શકય હોય તો, સાધુઓને વાચના આપવી: અને પર્યુષણા પછી, ઓછામાં ઓછા પંદર દિવસ પૂરતી પણ, એક સામુદાયિક વાચના પણ ગોઠવવી.

## નિર્ણય - ૨

## મુનિ-જીવનનો પ્રારંભિક પાઠયક્રમ

સાધુ-સાધ્વીવૃન્દમાં પદ્ધતિસર જ્ઞાનાભ્યાસ થાય તે માટે એક પાઠયક્રમ ઘડી કાઢવો જરૂરી છે. આ માટે શ્રમણ સમ્મેલન એક પાઠયક્રમ સમિતિ નિયુકત કરે છે. એ સમિતિ, મુનિ-જીવનના આચાર-વિચારને પોષક બને તેવો પાઠયક્રમ તથા તે અંગેની પરીક્ષા પધ્ધતિ તથા તેનાં ધોરણો ઇત્યાદિ નક્કી કરી આપશે.

## નિર્ણય - ૩

## મુમુક્ષુ ભાઈ-બહેનો માટે વિદ્યાપીઠોની યોજના

દીક્ષાર્થી મુમુક્ષુ ભાઈ-બહેનોને જ્ઞાનાભ્યાસની સગવડ તથા સંયમ-જીવનની તાલીમ મળી રહે તે હેતુથી મુમુક્ષુ વિદ્યાપીઠો રચવી. ભાઈઓ તથા બહેનો માટે અલગ અલગ સ્થાને વિદ્યાપીઠો થાય, અને તેમાં બીજા જિજ્ઞાસુઓ પણ જ્ઞાનાભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા પણ કરાવવી.

## નિર્ણય - ૪

## પાઠશાળાના સર્વાંગીણ વિકાસની વિચારણા

આપણા સંઘોમાં ચાલતી ધાર્મિક પાઠશાળાઓની સ્થિતિ અત્યંત ચિંતાજનક બની છે. પાઠશાળાઓમાં પ્રાણ પૂરે તે

માટે બધી દિશાએથી સમયોચિત પ્રયત્નો આવશ્યક છે. આ માટે પાઠશાળાઓના પાઠયક્રમમાં તથા પદ્ધતિઓમાં વધુને વધુ વ્યવહારૂ અભિગમો અપનાવવા જોઈએ.

જુદાં જુદાં ક્ષેત્રોમાં ચાર્તુમાસ બિરાજતા મુનિરાજોએ તથા સાધ્વીજી મહારાજોએ ત્યાંનાં બાલક-બાલિકાઓમાં સંસ્કારસિંચન તથા જીવન ઘડતર કરે તે પ્રકારે તેમને ધાર્મિક અભ્યાસ કરાવવાની પ્રવૃત્તિમાં રસ લેવો હાલના સમયે હિતાવહ જણાય છે.

પાઠશાળાઓના સર્વાંગીણ વિકાસના ઉપાયો તથા માર્ગદર્શન માટે એક સમિતિની નિયુક્તિ કરવી.

## નિર્ણય -૫

## સ્થંડિલ-માત્રું પરઠવવા અંગે વ્યવસ્થા

શહેરોમાં સ્થંડિલ-માત્રું વગેરે જ્યાં ત્યાં પરઠવવાથી લોકોને અરુચિ થાય છે. પરિણામે ધર્મની અવહેલના થાય છે. માટે લોકો અધર્મ પામે તે રીતે સાધુ-સાધ્વીગણે પરઠવવું નહિ.

શ્રી સંઘે સાધુ-સાધ્વીગણ માટે વાડાની અને પરઠવવાનાં સ્થાનોની સમુચિત વ્યવસ્થા કરવી.

## નિર્ણય - ૬

## વૃદ્ધ અને ગ્લાન સાધુ-સાધ્વીજીના સ્થિરવાસની વ્યવસ્થા

વૃદ્ધ તેમજ ગ્લાન સાધુ-સાધ્વીજીઓને જંઘાબળની ક્ષીણતા આદિ કારણે, સ્થિરવાસ કરવો અનિવાર્ય હોય તેવા સંયોગોમાં, તેમના સંયમજીવનને બાધા ન પહોંચે તેવી વ્યવસ્થા કરવા માટે સંઘને પ્રેરણા આપવી, અને વિવિધ શહેરો તથા તીર્થસ્થાનોમાં તે અંગે યોગ્ય વ્યવસ્થા કરાવવી.

## નિર્ણય - ૭

## વિહારક્ષેત્રોમાં વૈયાવચ્ચની વ્યવસ્થા

વર્તમાન સમયમાં વિહારનાં ક્ષેત્રોમાં જૈનોની સંખ્યા ઘટતી જાય છે, જ્યારે કેટલાંક ગામોમાં જૈનોનાં ઘર પણ રહ્યાં નથી. આવાં ગામોમાં સાધુ-સાધ્વીજી મહારાજોના વિહારમાં તૂટતી સુવિધાઓની પૂર્તિ કરવા માટે, સદ્‌ગૃહસ્થોની બનેલી એક અખિલ ભારતીય વૈયાવચ્ચ સમિતિ નીમવી.

આ સમિતિ વૈયાવચ્ચ અંગેની તમામ જરૂરી વ્યવસ્થા કરવા ઉપરાંત, વિહાર દરમ્યાન સાધુ-સાધ્વી ગણને થતી કોઈ પણ પ્રકારની શારીરિક પીડા તથા ઉપદ્રવ આદિ પ્રસંગે તેમની સાર સંભાળ કરશે.

દરેક આચાર્યાદિ મુનિ ભગવંતે સમિતિને યોગ્ય માર્ગદર્શન આપવા ઉપરાંત, સમિતિના કાર્યમાં વેગ મળે તેવા ઉપદેશ તથા સહાયતા આપવાનાં રહેશે.

## નિર્ણય - ૮

## સાધ્વી-વૃન્દમાં જ્ઞાનાદિકની પુષ્ટિ

આપણા સંઘમાં સાધ્વી સમુદાય વિપુલ પ્રમાણમાં છે. દરેક સમુદાયના વડીલોએ, નિશ્રાવર્તી સાધ્વી સમુદાયમાં જ્ઞાનાદિની પુષ્ટિ થાય તે માટે તેમને વાચના મળે તેવો પ્રબંધ કરવો, તથા ગ્રંથસંશોધન, પ્રાચીન હસ્તલિખિત પ્રતિઓનું વાંચન, ગ્રંથભંડારોની વ્યવસ્થા, શ્રાવિકાસંઘને શિક્ષણ તથા ઉપદેશ આપવા વગેરે કાર્યોમાં સાધ્વી સમુદાયને જોડવો, જેથી સાધ્વીજીઓની શક્તિનો શાસનનાં કાર્યોમાં સંઘને લાભ મળે, અને તેમને તેમનું સંયમ જીવન વિશેષ સાર્થક અનુભવાય.

## નિર્ણય - ૯

## શ્રાવકોની મધ્યસ્થ સમિતિ

તીર્થરક્ષા સહિત શાસનનાં જુદાં જુદાં કાર્યોમાં આવતાં વિઘ્નોને ટાળવા માટે, શાસનનાં હિતની રક્ષામાં સદા સજાગ રહે તેવા સદ્‌ગૃહસ્થોની, એક અખિલ ભારતીય સમિતિ નીમવી, એવું આ સમ્મેલન ઠરાવે છે. આ સમિતિ, પેટાસમિતિઓ દ્વારા, વૈયાવચ્ચ આદિ, સમ્મેલને સૂચવેલાં, ગૃહસ્થોચિત, તમામ કાર્યો સંભાળે.

આ સમિતિના આશ્રયે, કાયદાના નિષ્ણાત જૈન ગૃહસ્થોની બનેલી એક પેટા સમિતિ રચાય, અને તે સમિતિ, શાસન ઉપર થઈ રહેલાં આક્રમણોનાં નિવારણ માટે સતત તત્પર અને સજાગ રહે. જે કોઈ રાજદ્વારી પ્રવૃત્તિઓ કે કાયદાઓ વગેરે શાસન માટે વિઘાતક હોય તેને ટાળવાનો પુરુષાર્થ આ બન્ને સમિતિઓ કરે.

## નિર્ણય - ૧૦

## આચાર્ય ભગવંતોની પ્રવર સમિતિ

સંવત ૨૦૪૪નું આ શ્રમણ સમ્મેલન, આચાર્ય ભગવંતોની એક પ્રવર સમિતિ રચવાનું નક્કી કરે છે. આ સમિતિના આચાર્ય ભગવંતોનો આદેશ તથા માર્ગદર્શન, શ્રીસંઘને માટે, શ્રમણ - સમ્મેલનના આદેશ અને માર્ગદર્શનરૂપ ગણાશે. તેમ જ સંઘની નાની-મોટી સમસ્યાઓના ઉકેલમાં પણ, તે આચાર્ય ભગવંતોનું માર્ગદર્શન, તે શ્રમણ સમ્મેલનનું માર્ગદર્શન ગણાશે. આગેવાન શ્રાવકોની અખિલ ભારતીય સમિતિ માટે પણ, આ પ્રવર સમિતિનું માર્ગદર્શન સ્વીકાર્ય અને આખરી ગણાશે.

## નિર્ણય - ૧૧

## રાજકારણમાં જૈનોનો પ્રવેશ

વર્તમાન રાજકારણમાં ધર્મ અને સંસ્કૃતિ ઉપર ઘણા પ્રહારો થાય છે, અને આપણી ધર્મભાવનાને ઠેસ લાગે તેવા અનેક કાયદાઓ થઈ રહ્યા છે. કાળજાં કંપાવે તેવી ઘોર હિંસાની પ્રવૃત્તિને પણ કાયદાનું રક્ષણ મળે તેવી કાર્યવાહીઓ ચાલી રહી છે. આ સંયોગોમાં પંચાયતો, નગરપાલિકા, વિધાનસભા, લોકસભા આદિમાં, ધર્મ અને સંસ્કૃતિનું વફાદારીથી રક્ષણ અને જતન કરે તેવી યોગ્ય વ્યકિતઓની જરૂર છે; તો તેવી યોગ્ય વ્યકિતઓને તે તે સ્થાનો સુધી પહોંચવા માટે યોગ્ય સહાય મળી રહે તેવી પ્રેરણા સંઘને કરવી.

## નિર્ણય - ૧૨

## જીર્ણ મંદિરોના જીર્ણોધ્ધારની પ્રેરણા

વર્તમાનમાં ઘણાં સ્થળોએ જિનમંદિરો હોવા છતાં પૂજા કરનારા હોતા નથી. તો કેટલાંક સ્થળે જૈનોની વસતિ વધવા છતાં, પૂજાભકિત માટે મંદિરો નથી. આ સ્થિતિમાં, જ્યાં આવશ્યકતા હોય તો ત્યાં નૂતન મંદિરો બંધાવવાં, તે સિવાય જીર્ણ મંદિરોના જીર્ણોધ્ધાર ઉપર વધારે ભાર આપી, જીર્ણોધ્ધારનાં કાર્યો કરવા અને કરાવવાનું સૂચન, શ્રમણ સમ્મેલન કરે છે.

## નિર્ણય - ૧૩

## દેવદ્રવ્ય - વ્યવસ્થા

સ્વદ્રવ્યથી સર્વ પ્રકારની જિનભકિત કરી શકતા શકિતસંપન્ન સંઘે તેવી ભાવનાથી પણ સંપન્ન રહેવું જોઈએ. પણ તે જો ભાવનાસંપન્ન ન થાય તો નીચેના વિધાન પ્રમાણે વર્તવું :

પૂજ્યપાદ આચાર્ય શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજે, 'સંબોધ પ્રકરણ' ગ્રંથમાં દેવદ્રવ્યના ત્રણ ભાગ પાડયા છે : ૧. પૂજાદ્રવ્ય, ૨. નિર્માલ્યદ્રવ્ય, ૩. કલ્પિતદ્રવ્ય.

૧) પૂજાદ્રવ્ય : પૂજા માટે આવેલું દ્રવ્ય તે પૂજાદ્રવ્ય. તે

જિનેશ્વર ભગવાનની મૂર્તિની ભકિતમાં વપરાય છે.

૨) નિર્માલ્ય દ્રવ્ય : ચઢાવેલું કે ધરેલું દ્રવ્ય તે નિર્માલ્ય દ્રવ્ય. તે દ્રવ્ય ભગવાનની અંગપૂજામાં ઉપયોગી બનતું નથી, પરંતુ અલંકારાદિના ઉપયોગમાં લેવાય છે, અને મંદિરના કામમાં પણ ઉપયોગી બને છે.

૩) કલ્પિત દ્રવ્ય : જુદા જુદા કાળે જરૂરિયાત વગેરે વિચારી ગીતાર્થોએ ચઢાવાની (બોલીની) શરૂઆત કરી, તે બોલી આદિથી આવેલું દ્રવ્ય તે કલ્પિત દ્રવ્ય. જેમ કે પૂજાના ચઢાવા, સ્વપ્ન વગેરેની બોલી, પાંચ કલ્યાણકોની બોલી, ઉપધાનની માળના ચઢાવા તેમ જ તેઓએ સમર્પિત કરેલ વગેરે વગેરે.

એ કલ્પિત દ્રવ્ય, ભગવાનની પૂજાનાં દ્રવ્યો, મંદિરો માટે રાખેલા માણસોનો પગાર, જીર્ણોધ્ધાર, નવા મંદિરો વગેરેની રચના તેમ જ મંદિરના વહીવટી ખર્ચ વગેરે દરેક કાર્યોમાં વાપરી શકાય છે.

## નિર્ણય - ૧૪

## ગુરુદ્રવ્ય - વ્યવસ્થા

ગુરુપૂજનનું દ્રવ્ય, શાસ્ત્રાધારે, શ્રાવક સંઘ, જીર્ણોધ્ધાર તથા ગુરુના બાહ્ય પરિભોગરૂપે સાધુ - સાધ્વીને ભણાવવાનાં તથા વૈદ્યાદિરૂપ કાર્યો અને ડોળી વગેરેરૂપ વૈયાવચ્ચનાં કાર્યોમાં લઈ જઈ શકે છે.

ગુરુમહારાજના પૂજન માટે બોલાયેલી, ગુરુને કાંબળી વગેરે વહોરવવાની બોલી તેમ જ દીક્ષા માટેનાં ઉપકરણોની બોલી, આ બધાંનુ જે ધન આવે તે, તથા પદપ્રદાન નિમિત્તે બોલાયેલ કાંબળી આદિ ઉપકરણો માટેની બોલીનું ધન, શાસ્ત્રસાપેક્ષ વર્તમાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈ, શ્રમણસંઘ, ગુરુવૈયાવચ્ચમાં લઈ જવાનું ઠરાવે છે. પરંતુ, દીક્ષા તથા

પદ-પ્રદાન-પ્રસંગે પોથી, નવકારવાળી, મંત્રપટ. મંત્રપોથીની બોલીનું ધન જ્ઞાન દ્રવ્યમાં લઈ જવાનું ઠરાવવામાં આવે છે.

## નિર્ણય - ૧૫

## જ્ઞાનદ્રવ્યના સદ્વ્યય માટે માર્ગદર્શન

આપણા આગમાદિ શાસ્ત્રગ્રંથોનું સંરક્ષણ-સંવર્ધન-લેખન-અનુવાદ-મુદ્રણ-પુનર્મુદ્રણ આદિ કાર્યોમાં જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ કરવાની ખાસ જરૂર આજે છે. આજકાલ ઘણાં સ્થળોમાં જ્ઞાનદ્રવ્ય ભેગું થયે જતું હોય છે, જેનો કોઈ ઉપયોગ થતો નથી. તે દ્રવ્યનો સદુપયોગ થાય તે હેતુથી, પ્રત્યેક સંઘને, આ શ્રમણ સમ્મેલન, ભારપૂર્વક સૂચન કરે છે કે, દરેક સંઘ, પોતાને ત્યાં ભેગાં થતાં જ્ઞાનદ્રવ્યનો, ઉપર જણાવ્યા મુજબ, જ્ઞાન ભકિતમાં સદ્વ્યય કરે.

વળી, સાધુ-સાધ્વીજીના અધ્યયન-અધ્યાપનમાં ખાસ લક્ષ્ય આપી તે અંગે જ્ઞાનદ્રવ્યનો સદ્વ્યય કરવો જરૂરી છે.

## નિર્ણય - ૧૬

## સાધારણ દ્રવ્યની વૃદ્ધિ માટે માર્ગદર્શન

સર્વ ઠેકાણે સંઘોમાં સાધારણ ખાતામાં ઘણો તોટો વરતાય છે. આના ઉકેલ માટે, શ્રમણ સમ્મેલન, સંઘોને સૂચન કરે છે કે –

સાધારણ દ્રવ્યની વૃદ્ધિ માટે, શ્રાવકો પોતાના ઘરમાં, એક પુણ્ય પેટી રાખે, અને તેમાં દરરોજ, ઓછામાં ઓછો એક રૂપિયો, કુટુંબદીઠ અવશ્ય નાંખે. આ યોજના ગામે ગામના જૈન સંઘોને પહોંચાડી તેનો અમલ કરાવવો અને પહેલા તબક્કામાં આવી એક લાખ પેટીનો લક્ષ્યાંક રાખવો.

આ પેટી-યોજના દ્વારા પ્રાપ્ત થતા ધનની વ્યવસ્થા માટે, એક અખિલ ભારતિય ધોરણની શ્રાવક-સમિતિ નીમવામાં આવે. એ સમિતિને, સંઘોએ, પોતાને ત્યાંની પેટી-યોજનાની

આવકની જાણ કરવાની સાથે, પોતાની સ્થાનિક જરૂરિયાત માટે, વધુમાં વધુ, આવકના પચાસ ટકા રકમ રાખવી. બાકીની રકમ સમિતિને મોકલી આપવાની રહેશે.

પુણ્ય-પેટીની આ યોજના દ્વારા પ્રાપ્ત થતી રકમનો ઉપયોગ, ખાસ કરીને, સાધર્મિકોની ભક્તિ માટે, વિહાર ક્ષેત્રોના ઉપાશ્રયોના નિર્માણ તથા જીર્ણોધ્ધાર માટે, તથા સમિતિના વહીવટી ખર્ચ માટે કરવાનો છે.

## નિર્ણય - ૧૭

## જિનપૂજા અંગે શ્રાવકોને માર્ગદર્શન

જૈન શાસનમાં પરમાત્માની ભક્તિ એ ઉત્કૃષ્ટ આરાધનાનું અંગ છે. જિનેશ્વર દેવની દ્રવ્ય અને ભાવ પૂજા એ શ્રાવકોનું મુખ્ય કર્તવ્ય છે. અને શ્રાવકોએ એ રીતે પરમાત્માની હંમેશા પૂજા કરવી જોઈએ.

હાલ આ પૂજાનું કાર્ય નોકરોને સોંપાઈ ગયું છે. જેથી અનેક પ્રકારે ઘોર આશાતના થઈ રહી છે, જે જાણીને તથા જોઈને હૈયું કંપે છે. તેથી શ્રમણ સમ્મેલન ઠરાવ કરે છે કે, શ્રાવકોએ પરમાત્માની અંગ પૂજા જાતે જ કરવી, પણ નોકરો પાસે કરાવવી નહિ.

જ્યાં શ્રાવકોની બિલકુલ વસતિ ન હોય ત્યાં વાસક્ષેપ અને અગ્રપૂજાથી સંતોષ માનવો.

પ્રતિમાનાં અંગ-ઉપાંગોને સહેજ પણ ઘસારો ન પહોંચે તે પધ્ધતિથી પૂજા કરવી.

## નિર્ણય - ૧૮

## સાધુ-સાધ્વીજીના અંતિમ સંસ્કાર-નિમિત્તની ઉપજની વ્યવસ્થા

પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ કાળધર્મ પામે ત્યારે, તેમના અંતિમ સંસ્કારની ક્રિયા સંબંધી બોલાતી તમામ બોલીઓની આવક, તથા ગુરુ-દેહ સામે ધરેલ દ્રવ્ય, જીવદયાનું જીવનભર પ્રતિપાલન કરનાર ગુરુભગવંતોના પાર્થિવ દેહના નિમિત્તે થયેલી હોવાથી, જીવદયા ખાતે લઈ જવી, એવું શ્રમણ સમ્મેલન ઠરાવે છે.

## નિર્ણય - ૧૯

## પ્રાચીન જિનબિંબો પૂજાય ત્યાં આપવાની પ્રેરણા

જુદા જુદા સ્થળે પ્રાચીન જિનબિંબો ઘણાં હોવા છતાં, કાળદોષથી, કેટલીક જગ્યાએ પૂજનારની સંખ્યા ઘટી ગઈ છે. આવી સ્થિતિમાં ભગવાનની વિધિયુકત પૂજા પણ થતી નથી. બીજી બાજુ, જ્યાં વસતિ વધી રહી છે ત્યાં નવાં જિનમંદિરો બને છે, પરંતુ પ્રાચીન જિનબિંબો મળતાં ન હોવાથી ન છૂટકે પણ, નવાં જિનબિંબો તૈયાર કરવાં પડે છે. આ સ્થિતિમાં, શ્રમણ સમ્મેલન, સર્વાનુમતે એમ ઠરાવે છે કે પ્રાચીન જિનબિંબોને પૂજનાર જ્યાં જ્યાં ઘટયા છે ત્યાંથી પ્રાચીન જિનબિંબોને તેની પૂજા થાય તેવા સ્થળે આપવાં જોઇએ.

## નિર્ણય - ૨૦

## સાધુ-સાધ્વીજીઓની વિશ્રામણાની વ્યવસ્થા

સાધુ મહારાજો અને સાધ્વીજીઓએ પોતપોતાના સમુદાયના વડીલોની આજ્ઞાને સંપૂર્ણ રીતે સાચવવી જોઇએ. કોઈ પોતાના વડીલની આજ્ઞા પડતી મૂકી અન્યની આજ્ઞામાં જવા ઈચ્છે તો બીજા વડીલે, તે સાધુ કે સાધ્વીજીના સમુદાયના વડીલની સંમતિ મેળવ્યા વગર સ્વીકારવા નહીં; તેમના વડીલોની આજ્ઞા મેળવવી જોઇએ.

સાધુ-સાધ્વીજીઓના જ્ઞાનાભ્યાસની, સંયમ સાધનાની, કોઇ પણ પ્રકારની શારીરિક વિપત્તિની, કોઈ પણ સ્થાનમાં થયેલ ઉપદ્રવની વગેરે દરેક બાબતની, સમુદાયના વડીલે ચિંતા રાખવી જોઇએ. કોઇને, કોઈ પણ સ્થળે, કોઈ પણ તકલીફ હોય તેનું નિવારણ કરવાનો તેઓએ યોગ્ય પ્રબંધ કરવો જોઇએ.

સાધુ-સાધ્વીજીએ પોતાને જોઇતી સહાય માટે પોતપોતાના વડીલને જણાવવું જોઇએ. આકસ્મિક પ્રસંગે શ્રાવકસંઘની સમિતિને જણાવી શકાશે અને તે સમિતિએ તેવે પ્રસંગે પોતાની ફરજ અદા કરવાની રહેશે. સ્થાનિક સંઘોએ પણ તેમને ત્યાં વિચરતા સાધુ-સાધ્વીજીની સંભાળ લેવી જોઇએ.

## નિર્ણય - ૨૧

## જિનભકિતપ્રધાન પૂજનો માટે આદેશ

વર્તમાનમાં અર્વાચીન પૂજનો દિનપ્રતિદિન ઘણાં બહાર પડી રહ્યાં છે, અને તેવાં પૂજનોનું પ્રાધાન્ય વધતું જાય છે. પ્રાચીન પૂજનો ગૌણ બનતાં જાય છે. આ વિષયમાં શ્રમણસમ્મેલન સંઘને સૂચન કરે છે કે –

શાન્તિસ્નાત્ર, અષ્ટોત્તરી સ્નાત્ર, અર્હદભિષેક વગેરે પ્રાચીન પૂજનો ભણાવવાનો સંઘે આગ્રહ રાખવો. વિધિકારક શ્રાવક યોગ્ય આચારવંત હોવા જોઇએ, તેને બદલે વ્યસની વ્યકિતઓ પણ આજે પૂજનો ભણાવતી જોવામાં આવે છે. આથી આચારવંત સારા વિધિકારકો પાસે પૂજનો ભણાવવાનો આગ્રહ રાખવો, પરંતુ પૈસા લઇને પૂજન ભણાવનાર વિધિકારકને પસંદ કરવા નહિ, તેમ જ વ્યસની વ્યકિતઓને વિધિકારક તરીકે બોલાવવી નહિ.

| | |
|---|---|
| આ.શ્રી વિજય રામસૂરિજી મ. | વિજયરામસૂરિ |
| આ.શ્રી વિજય ૐકારસૂરિજી મ. | વિજય ૐકારસૂરિ |

આ.શ્રી વિજય પ્રેમસૂરિજી મ. વિજય પ્રેમસૂરિ

આ.શ્રી વિજય ચંદ્રોદયસૂરિજી મ.

વિજયમેરૂપ્રભસૂરિ વતી વિજય ચંદ્રોદયસૂરિ

આ.શ્રી વિજય હિમાંશુસૂરિજી મ. હિમાંશુસૂરિ

આ.શ્રી વિજય કલાપૂર્ણસૂરિજી મ. કલાપૂર્ણસૂરિ

આ.શ્રી દર્શન સાગરસૂરિજી મ. દર્શન સાગરસૂરિ

આ.શ્રી વિજય અરિહંતસિદ્ધસૂરિજી મ. અરિહંતસિદ્ધસૂરિ

આ.શ્રી વિજય કનકપ્રભસૂરિજી મ.

વતી આ. વિજય ભુવનશેખરસૂરિ

આ. શ્રી વિજય સ્થૂલભદ્રસૂરિજી મ.

આ. શ્રી વિ. નવીનસૂ. મ. વતી સ્થૂલભદ્ર સૂ.

આ. શ્રી ભદ્રબાહુસાગરસૂરિજી મ. ભદ્રબાહુસૂરિ

પ. શ્રી ચંદ્રશેખરવિજયજી મ.

આ. દેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી વતી ચંદ્રશેખરવિ.

ગ. શ્રી યશોવિજયજી મ.

આ. દે. શ્રી હેમપ્રભસૂરિ વતી યશોવિજયજી

આ. શ્રી વિજય ભદ્રંકર સૂરિજી મ.

ભદ્રંકરસૂરિ સહી. દા. પોતે

સંયોગોવશાત્ સંમેલનમાં ઉપસ્થિત ન રહી શકેલા પૂજ્યો

પ.પૂ. આ. શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ., પ.પૂ. આ. શ્રી વિજય ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ., પ.પૂ. આ. શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ., પ.પૂ. આ. શ્રી વિજય નવીનસૂરીશ્વરજી મ.,

પ.પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ., પ.પૂ. આ. શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ., પ.પૂ. આ. શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મ., પ.પૂ. આ. શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ., પ.પૂ. આ. શ્રી રવિવિમલસૂરીશ્વરજી મ. આદિ પૂજ્યોએ પણ આ નિર્ણયોમાં પોતાની સંમતિ દર્શાવી છે.

# ॥ जयन्तु वीतरागाः ॥

## अनन्त लब्धिनिधानाय श्री गौतमगणधराय नमो नमः ॥

વિક્રમ સંવત ૨૦૪૪માં, પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયરામસૂરિજી મહારાજ (ડહેલાના ઉપાશ્રયવાળા) આદિની અધ્યક્ષતામાં શ્રીરાજનગરને આંગણે મળેલા શ્રમણ સમ્મેલનમાં સંવત્સરી-પ્રશ્ને, શાસ્ત્ર-પરંપરાનુસારે, ભા. શુ. ૫ની ક્ષય-વૃધ્ધિએ ભા.શુ. ૩ની ક્ષય વૃધ્ધિ કરવાવાળા, તથા પોતાના વડીલોની આચરણા મુજબ ભા.શુ. ૫ની ક્ષય-વૃધ્ધિએ ઉદયાત ચોથને જ સંવત્સરી માટે પ્રમાણભૂત માનવાવાળા, તેમજ પોતાના વડીલોની આચરણા મુજબ ભા.શુ. ૫ની વૃધ્ધિએ ભા.શુ. ૪ની વૃધ્ધિ અને ભા.શુ. ૫ના ક્ષયે અન્ય પંચાંગના આધારે ભા.શુ. ૬નો ક્ષય માનવાવાળા પૂજ્ય શ્રમણ ભગવંતો, સકલ સંઘની એકતા તથા શાંતિ માટે, સંઘમાન્ય જન્મભૂમિ-પંચાગમાં ભા.શુ. ૫ની ક્ષય-વૃધ્ધિ આવે ત્યારે, આ પ્રમાણે આરાધના કરવાનો નિર્ણય કરે છે, તથા સકલ શ્રીસંઘને તે મુજબ આરાધના કરવાનો આદેશ પાઠવે છે :

# ઠરાવ

**"ભાદરવા શુદિ ૫ના ક્ષયે ભા.શુ. ૬નો ક્ષય કરવો, અને ભા.શુ. ૫ની વૃદ્ધિ આવે ત્યારે ભા.શુ. ૩ની વૃદ્ધિ કરવી."**

તા.ક. : વિ.સં. ૨૦૪૨ની સાલમાં જે પટ્ટક થયેલ છે તેમાં, સંવત્સરી પ્રશ્ન અંગેની કલમમાં ઉપર મુજબ સુધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

વીર સંવત ૨૫૧૪, વિ.સં. ૨૦૪૪ ચૈત્ર વદિ ૧૨, બુધવાર તા. ૧૩-૪-૧૯૮૮, અમદાવાદ.

લી.

વિજય રામસૂરિ

વિજય ૐકારસૂરિ

વિજય પ્રેમસૂરિ

વિજય મેરૂપ્રભસૂરિ વતી વિજય ચંદ્રોદયસૂરિ

આ. દર્શનસાગરસૂરિ [illegible] રસૂરિ

આ.શ્રી વિજય કનકપ્રભસૂરિ વતી વિજયભુવન શેખરસૂરિ

વિજયેન્દ્રદિન્નસૂરિ

સુબોધસાગરસૂરિ

આ. વિજય નવીનસૂરિ વતી સ્થૂલભદ્રસૂરિ

ભદ્રંકરસૂરિ

હિમાંશુસૂરિ

વિજય ભુવનભાનુસૂરિ વતી પં. ચન્દ્રશેખર વિજય ગણી

કલાપૂર્ણસૂરિ

અરિહંતસિદ્ધસૂરિ

વિજય યશોદેવસૂરિ

આ. ચિદાનંદસૂરિ

હેમપ્રભસૂરિ

રવિવિમળસૂરિ

## નિર્ણય ૧૩ના આધારરૂપ શાસ્ત્રપાઠ

चेइयदव्वं तिविहं पूया निम्मल्ल कप्पियं तत्थ ।
आयाणमाइ पूयादव्वं जिणदेहपरिभोगं ॥
अक्खयफलबलिवत्थाइ संतियं जं पुणो दविणजायं ।
तं निम्मल्लं वुच्चइ जिणगिहकम्मंमि उवओगं ॥
दव्वंतरनिम्मवियं निम्मल्लं पि हु विभूसणाईहिं ।
तं पुण जिणंगसंगि हविज्ज णण्णत्थ तं भयणा ॥
रिद्धि जुयसंमएहिं सड्ढेहिं अहव अप्पणा चेव ।
जिणभत्तीइ निमित्तं आयरियं सव्वमुवओगि ॥
(सम्बोधप्रकरण, गाथा १६३ थी १६६)
(कर्ता : श्रीमान् हरिभद्रसूरि महाराज)

## નિર્ણય ૧૪ના આધારરૂપ શાસ્ત્રપાઠ

अथ यतिद्रव्यपरिभोगे प्रायश्चित्तमाह -
मुहपत्ति-आसणाइसु भिन्नं जलन्नाईसु गुरु-लहुगाइ ।
जइदव्वभोगि इय पुण वत्थाइसु देववदव्वं व ॥

व्याख्या - मुखवस्त्रिकाऽऽसनशयनादिषु, अर्थाद् गुरुयति-सत्केषु परिभुक्तेषु भिन्नम् । तथा 'जलन्नाईसु' त्ति । यतिसत्के जले अन्ने, आदिशब्दाद् वस्त्रादौ कनकादौ च ।

"धर्मलाभ इति प्रोक्ते दूरादुच्छ्रितपाणये ।
सूरये सिद्धसेनाय, ददौ कोटिं नराधिपः ॥"

इत्यादि प्रकारेण केनापि साधुनिश्रया कृते लिङ्गिसत्के वा परि-भुक्ते सति 'गुरुलहुगाइ' त्ति । क्रमेण गुरुमासश्चतुर्लघव आदि-शब्दाच्चतुर्गुरवः षड्लघवश्च स्युः । अयमर्थः - गुरुसत्के जले परिभुक्ते १ी अन्ने ४ वस्त्रादौ ४ी कनकादौ ६ प्रायश्चित्तानि भवन्ति । यतिद्रव्यभोगे 'इय' त्ति । एवंप्रकारः प्रायश्चित्त विधि-र वगन्तव्यः। अत्रापि पुनर्वस्त्रादौ देवद्रव्यवत्-वक्ष्यमाणदेवद्रव्य-विषयप्रकारवत् ज्ञेयम् । अयमर्थः - यत्र गुरुद्रव्यं भुक्तं स्यात् तत्राऽन्यत्र वा साधुकार्ये वैद्याद्यर्थं बन्दिग्रहादिप्रत्यपाया-पगमाद्यर्थं वा तावन्मितवस्त्रादिप्रदानपूर्वमुक्तं प्रायश्चित्तं देयमिति गाथार्थः ॥६८॥

(श्राद्धजीतकल्पः, मुद्रिते पृ. ५६)

**નોંધ :**

શ્રાધ્ધ જીતકલ્પના આખા પાઠના નિચોડરૂપે, છેલ્લી ત્રણ લીટીમાં, સ્વોપજ્ઞવૃત્તિકાર શ્રીધર્મઘોષસૂરિજી મહારાજ ફરમાવે છે કે -

"ગુરુદ્રવ્યનો જેણે ઉપયોગ કર્યો હોય તેણે, ગુરુમહારાજને વસ્ત્રાદિ આપીને, તથા ગુરુના કાર્યમાં એટલે કે વૈદ્ય વગેરેને આપવામાં, અથવા ગુરુમહારાજને કોઇપણ તકલીફ હોય તેને ટાળવામાં, તેટલું દ્રવ્ય વાપરવા સાથે ઉપર મુજબનો તપ કરવાથી, ગુરુદ્રવ્યના પરિભોગના પાપથી મુકત થાય છે."

ગુરુદ્રવ્ય, દેવદ્રવ્ય છે તે ભ્રમણા, ઉપરના પાઠથી સંપૂર્ણ ટળી જાય છે.